# કોલ્ડવેવથી બચવા શાળાના સમયમાં એક કલાકનો ફેરફાર કરવા સૂચના

## જિલ્લા કલેક્ટરના આદેશના પગલે શિક્ષણતંત્ર હરકતમાં આવ્યું

ગાંધીનગર, તા.પ

કાતિલ ઠંડીના લીધે મોર્નિંગ સ્કૂલમાં જતા બાળકોની હાલત દયનીય થતી અટકાવવા આખરે જિલ્લાની તમામ મોર્નિંગ સ્કૂલના સમયમાં એક કલાકનો ફેરફાર કરવા જિલ્લા કલેકટરે સૂચના આપી છે. સોમવારથી મોર્નિંગ સ્કૂલમાં નિયત સમય કરતા એક કલાક મોડું શૈક્ષણિક કાર્ય શરુ કરાશે. કલેકટરના આદેશ બાદ જિલ્લા શિક્ષણાધિકારીએ પણ શાળાના સંચાલકોને સમય ફેરફારનો અમલ કરવા સૂચના આપી દીધી છે.

સમગ્ર રાજયમાં ગાત્રો થીજાવતી ઠંડીના લીધે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. કોલ્ડવેવની અસરથી બચવા દિલ્હી જેવા શહેરમાં શાળાઓમાં મીની વેકેશન આપી દેવાયું છે જયારે અન્ય અમુક શહેરોમાં પણ સ્કુલડ્રેસમાં છૂટછાટ આપવામાં આવી છે. ગાંધીનગર પણ કાલિત ઠંડીની લપેટમાં આવતા બે દિવસ અગાઉ પારો ૭ ડિગ્રી સુધી નીચે ગગડી ગયો હતો.

સમગ્ર શહેર ઠંડીથી ઠુંઠવાતા નગરનું જનજીવન પણ શરદીની અસરથી પ્રભાવિત થયું છે. ઠંડીના કહેરથી વહેલી સવારે મોર્નિંગ સ્કૂલે જતા બાળકોની હાલત પણ દયનીય બની હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જયારે શિયાળાની આક્રમક ઠંડીને ધ્યાને લઈ શાળાના સમયમાં પણ જરુરી ફેરફાર કરવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી. બીજી તરફ આ મામલે કોઈ રજૂઆત મળી ન હોવાનું રટણ કરતા જિલ્લા શિક્ષણ તંત્ર કક્ષાએથી શાળાનો સમય બદલવા જેવા પ્રાથમિક પગલા લેવામાં પણ ઉદાસીનતા સેવાઈ રહી હોવાનું ધ્યાને આવ્યું હતું.

અન્ય શહેરોની જેમ પાટનગરમાં પણ શાળાના સમયમાં જરુરી ફેરફાર કરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની હતી. આખરે આ મામલે આજે જિલ્લા કલેકટરે સમયમાં ફેરફાર કરવા આદેશ જારી કરી દીધો છે. જેના પગલે જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી પણ જિલ્લાની તમામ શાળાઓના સંચાલકોને શૈક્ષણિક કાર્ય એક કલાકનો સમય ફેર કરવામાં આવ્યો છે. સોમવારથી શાળાના સમયમાં ફેરફારનો અમલ શરુ કરી દેવાશે.

# ઘ-પ ચોપાટી બજાર સહીત મુખ્ય માર્ગોના દબાણો હટાવાઈ દેવાયા

## વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન સુરક્ષા અને સલામતીના હેતુથી ૧૦ દિવસ લારી-ગલ્લાઓ સદંતર બંધ રાખવા સુચના આપી દેવાઈ

ગાંધીનગર, તા. પ

ગાંધીનગરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટને પગલે શહેરના મુખ્ય માર્ગો પર અડીંગો જમાઈને લાગી ગયેલા પણ લારી-ગલ્લો ન ખોલવા તંત્રએ આદેશ છોડી દીધા છે ત્યારે આજે શહેરના મુખ્ય માર્ગો પરના દબાણો તથા લારી ગલ્લાઓ દુર કરવા માટે તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. ફળોના લારીઓ ઉપરાંત કડીયાનાકુ અને ઝુંપડપટ્ટી સહીત તમામ ખાણી-પાણીની લારીઓને આજે દબાણ ખાતાની ટીમે પોલીસને સાથે રાખીને ખસેડી દીધી હતી.



સુરક્ષા અને સલામતીના હેતુથી શહેરના તમામ મુખ્ય માર્ગો તથા ચોપાટી બજારને બંધ કરાવી દેવાની મળેલી સુચનાઓ મુજબ તંત્ર દ્વારા આજથી જ અમલ શરૂ કરાવી શહેરને લારી-ગલ્લા તથા ઝુંપડાઓના દબાણથી મુક્ત કરી દેવામાં આવ્યું છે.



દબાણો તથા ખાણીપીણીની લારીઓ સહિત ઘ-પ ચોપાટી બજાર પર દબાણની ટીમ ત્રાટકી હતી. પોલીસને સાથે રાખીને તંત્રએ સલામતી અને સુરક્ષાના હેતુથી તમામ લારી-ગલ્લાઓ તથા ચોપાટી ઉઠાવી લેવડાવી મેદાન સાફ કરી નાખ્યું છે. આ તમામ લારી-ગલ્લાને ૧૦ દિવસ સુધી ધંધો બંધ રાખવાના આદેશ આપી દેવામાં આવ્યા છે.

પાટનગરનું હાર્દસમો કહેવાતો વિસ્તાર ઘ-પ ખાણીપીણી ચોપાટી બજારને વાઈબ્રન્ટ સમીટનું ગ્રહણ લાગી ગયું છે. ૧૦ દિવસ સંપન્ન ન થાય ત્યાં સુધી એક

# સીટી બસ સેવાના ધાંધિયાથી જી.ઈ.બી.ના રહીશો ત્રસ્ત

ગાંધીનગર, તા.પ

શહેરી બસ સેવા અનિયમિત હોવાથી જી.ઈ.બી.ના રહીશોમાં આક્રોશ પ્રર્વત્યો છે. જી.ઈ.બી. ગેટ પાસેથી સીટી બસ બારોબાર નીકળી જતા સ્થાનિક રહીશોને બસ સેવાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. મ્યુનિ.કાઉન્સીલરે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા રજૂઆત કરી છે.

ગાંધીનગરની સ્થાપનાને આજે સાડા ચાર દાયકા જેટલો સમય થઈ ચૂકયો હોવા છતાં જીઈબી કોલોનીના રહીશો સીટી બસ સેવાની સુવિધાથી આજે પણ વંચિત છે. ઓગષ્ટ ૨૦૦૯માં વીટકોસ દ્વારા ગાંધીનગરમાં શહેરી બસ સેવા શરૂ કરવામાં આવી હતી તેમજ સરકારી એસ.ટી. બસો પણ વર્ષોથી ચાલુ છે. પરંતુ બંને બસ સેવાનો લાભ જીઈબીના વસાહતીઓને નહીવત પ્રમાણમાં મળે છે. વિટકોસ બસ સેવાના ઘણા રૂટો ગ્રામ્ય વિસ્તારો સુધી લંબાયા છે, પરંતુ જીઈબી કોલોનીમાં બસો માત્ર ચરેડી છાપરા કે જીઈબી કોલોનીના ગેટ રોડ પરથી જ જતી રહે છે. જેને કારણે વૃદ્ધો, વિદ્યાર્થીઓ તેમજ નોકરીયાતો વર્ગે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. છેલ્લા ૨ દિવસથી તો જીઈબી ખાતે તો વિટકોસ બસો ન આવવાથી રહેવાસીઓમાં ખૂબ જ રોષ પ્રવર્ત્યો છે.

હાલ જીઈબીમાં ૧૨૦૦૦ જેટલી વસતી છે. તેમજ જીઈબીમાં ૧૩૬૫ કવાટર્સ આવેલા છે. અનેક રજૂઆતો કર્યા બાદ આજથી આઠ મહિના પહેલા વિટકોસ બસ શરૂ કરવામાં આવી હતી. થોડા દિવસો પછી ફરીથી બસો જીઈબી કોલોનીના બસ સ્ટેન્ડ પર આવતી નથી જયારે છેલ્લા બે દિવસથી તો જીઈબી ખાતે બસ આવતી જ નથી અનેકવાર રજૂઆત કરવા છતાં પણ વિટકોસ કંપનીના સંચાલકો રસ દાખવતા નથી. આ મામલે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા મ્યુનિ. કાઉન્સિલર હંસાબેન મોદીએ રજૂઆત કરી છે.

# એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૨૩ હત્યાઓ થઈ : ૧ અનડીટેક્ટ

## ૨૦૧૧ની સરખામણીમાં ૨૦૧૨માં રાયોટીંગના ગુનાઓ વધુ બન્યા : ૪ ખૂનની કોશીષ, ૪૨ રાયોટીંગ, ૯ ગંભીર મારામારી અને ૨૦૯ સામાન્ય મારામારી

ગાંધીનગર, તા. પ

વર્ષ-૨૦૧૨માં ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ કરતાં ખૂનના ગુનાઓનું પ્રમાણ સ્હેજ ઘટ્યું હતું. એક વર્ષમાં કુલ ૨૩ ખૂનના બનાવો બનવા પામ્યા હતા જ્યારે ૪૨ રાયોટીંગ, ગંભીર મારમારીના ૯ અને સામાન્ય મારામારીના ૨૦૯ ગુનાઓ બનવા પામ્યા હતા. વર્ષ-૨૦૧૧ની સરખામણીમાં ગાંધીનગરમાં ૨૦૧૨માં રાયોટીંગના બનાવો વધારે બન્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૧૧ની સરખામણીમાં વર્ષ-૨૦૧૨ દરમ્યાન ખૂનના ગુનાઓમાં ઘટાડો નોંધાવા પામ્યો છે. જ્યારે રાયોટીંગના ગુનાઓ જિલ્લામાં સમાંતર વર્ષની સરખામણીમાં વધારે બનવા પામ્યા હોવાનું પોલીસ ચોપડે નોધાયું છે. જિલ્લામાં વર્ષ-૨૦૧૧માં ૨૭ ખૂન થયા હતાં, જ્યારે વર્ષ-૨૦૧૨માં ૨૩ ખૂન થવા પામ્યા છે. ૨૦૧૧માં ખૂનની કોશીષના ૯ ગુના, રાયોટીંગના ૩૦ તથા મારામારીના ૧૯૩ અને સાપરાધી મનુષ્યવધનો ૧ ગુનો જિલ્લા પોલીસ ચોપડે નોંધાવા પામ્યો હતો. જ્યારે સમાંતર વર્ષની સરખામણીમાં વર્ષ-૨૦૧૨માં ખૂનની કોશીષના ૪ ગુના, રાયોટીંગના ૪૨, ગંભીર મારામારીનાં ૯ અને સામાન્ય મારામારીના ૨૦૯ બનાવો બનવા પામ્યા હતા. ૨૦૧૨માં બનેલા હત્યાના બનાવો પૈકી ૨૨ ગુનાઓ ડીટેક્ટ થઈ જવા પામ્યા છે જ્યારે ચિલોડા પોલીસમકની હદમાં બનેલો પ્રૌઢની હત્યાનો ગુનો હજુ વણઉકલ્યો છે.

### એક વર્ષમાં છ સરકારી નોકરો પર હુમલા : ૪ પોલીસનો સમાવેશ

જિલ્લામાં વર્ષ-૨૦૧૨માં સરકારી કર્મચારી-અધિકારીને પરજમાં રૂકાવટ ઉભી કરીને તેમના પર હુમલા કરવાના છ કિસ્સાઓ બનવા પામ્યા હતા. જે વર્ષ-૨૦૧૧માં એક પણ ગુના બનવા પામ્યા ન હતા. જિલ્લામાં સરકારી નોકરો પર હુમલાના છ ગુનાઓ પૈકી ચાર પોલીસ પર હુમલા થયા હોવાનું પોલીસ ચોપડે નોંધાવાપામ્યું છે.

# ગુજરાતમાં નોંધાતા બળાત્કારના ગુના અંગે મુખ્યમંત્રીને લખાયેલો પત્ર

ગાંધીનગર, તા. પ

દિલ્હીમાં બનેલા અમાનુષી બળાત્કાર સંદર્ભે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને રૂબરૂ મળીને પત્ર સુપરત કરવામાં આવ્યો હતો. અમદાવાદ વિમેન્સ એકશન ગ્રુપ - અવાજ દ્વારા તાજેતરમાં ૨૦૦ પ્રતિનિધિઓની હાજરીમાં એક સભા અને દેખાવો યોજવામાં આવ્યા હતા તથા દિલ્હીમાં થયેલા અમાનુષી બળાત્કાર તથા અવારનવાર બનતા છેડતી, બળાત્કાર જેવા બનાવો સંદર્ભે પત્ર લખી મુખ્યમંત્રીને સુપરત કરવામાં આવ્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આજરોજ રૂબરૂ જઈને એક પત્ર ગુજરાતમાં નોંધાતા અનેક બળાત્કારો અંગે સુપ્રત કરવામાં આવ્યો હતો. પત્રમાં એવી માંગણી કરવામાં આવી હતી કે ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં સ્ત્રીઓ પર આચરાતા ભયંકર ગુનાનો આંક લગભગ બેવડાયો છે. ઉપરાંત સ્ત્રીઓની સુરક્ષા તેમજ તેમના સ્વાસ્થ્ય, પોષણ અને શિક્ષણ પરત્વે ગત સરકાર દ્વારા પુરતું ધ્યાન અપાયું નથી. મુખ્યમંત્રીને એવી વિનંતી કરવામાં આવી છે કે ફરીથી આપ જ્યારે ગુજરાતમાં સત્તાના સૂત્રો સંભાળ્યા છે ત્યારે આપની સરકાર સ્ત્રીઓના વિકાસના સર્વ પાસાં તરફ ધ્યાન આપે તેવી અપેક્ષા સૌ રાખી રહ્યા છીએ. છેડતી, બળાત્કાર, અત્યાચાર મુક્ત સમાજની રચના ગુજરાતમાં થાય તેવી આશા પ્રજાજનો રાખી રહ્યા છે.

ગત અઠવાડિયે દિલ્હીની ભયંકર ઘટના અને ગુજરાતમાં થતા બળાત્કારો અંગે અમદાવાદ વિમેન્સ એક્સન ગ્રુપ (અવાજ) દ્વારા ૨૦૦ પ્રતિનિધિઓની હાજરીમાં એક સભા અને દેખાવો યોજવામાં આવ્યા હતા. જે સભાને ઈલા પાઠક, સારા બાલ્દીવાલા, ચિન્મયી જોષી (અવાજ), લીલા દેસાઈ, જયશ્રી જોષી (ગુજરાત મહિલા ફેડરેશન), મિનાક્ષી જોષી (મહિલા સાંસ્કૃતિક સંગઠન), ચુનીભાઈ વૈદ્ય (ગુજરાત લોકસમિતિ), પ્રકાશ ન. શાહ (તંત્રી-નિરીક્ષક), ગૌતમ ઠાકર (પીયુસીએલ) વગેરેએ સંબોધી હતી. સભામાં વિશાળ સંખ્યામાં બહેનોની હાજરી ઉપરાંત રજની દવે, મહાદેવ વિદ્રોહી, દ્વારિકાનાથ રથ, પ્રસાદ ચાકો, દિલીપ ચંદુલાલ, હિમ્મત શાહ, જયેશ પટેલ, અમિતા બુચ, નલિની ત્રિવેદી, રિમ્મી વાઘેલા અને અન્ય નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ જોડાયા હતા.

# એ.એ. પટેલ કોમર્સ કોલેજના yahoo ! 2K 13 પ્રથમ દિને યુવાધન ખિલ્યું

ગાંધીનગર, તા. પ

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ ખાતે આવેલ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના કેમ્પસમાં આવેલ અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજને દસ વર્ષ પૂર્ણ થતા દશાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને યાહુ-૨૦૧૩ના મનોરંજક તથા ગીત સંગીતના કાર્યક્રમને મનભરીને માણ્યો હતો.

અશ્વિનભાઈ એ. કોમર્સ કોલેજમાં દસાબ્દી મહોત્સવ અંતર્ગત આજે યા...હુ...૨૦૧૩નો અદ્‌ભૂત અને મનોરંજક કાર્યક્રમનો શુભારંભ થયો હતો.જેમાં દીપ પ્રાગટ્ય બાદ મહેમાનો દ્વારા શાબ્દિક ઉદ્‌બોદન કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. કોલેજના યુવાન યુવક યુવતીઓએ આ પ્રસંગે પાંચ ગૃપમાં વિવિધ ઈવેન્સ્ટ રજૂ કરી હતી. યુવા વર્ગે પ્રાણીઓ ઉપર કોમેડી ડાન્સ કરી દર્શકોને ખૂબ હસાવ્યા હતા. ગુજરાતી કૃષ્ણભક્તિ ગીત દ્વારા સુંદર આધ્યાત્મિક અને ધાર્મિક પવિત્ર વાતાવરણ સર્જ્યું હતુ. આ ઉપરાંત ફયુઝન ડાન્સ, કોમેડી ડાન્સ જેવી અનેક કૃતિઓએ કોલેજમાં દશાબ્દિ મહોત્સવ નિહાળવા આવેલા દર્શકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમના સુંદર આયોજન અને આકર્ષક વેષભૂષાએ સૌનુ ધ્યાન ખેચ્યું હતું.





## ચિલોડા મોટા ખાતે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી થઈ

લાઈફ ઈઝ પ્રિસિયસ- ટેક કેર : ડ્રાઈવ કેરફુલી (જિંદગી કિંમતી છે, કાળજી રાખજો : સાવધાનીથી હંકારજો)નો સંદેશો આપવા દેશભરમાં તા. ૬ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી થઈ રહી છે. ગુજરાતમાં વસ્તી અને વાહનોની સંખ્યા લાખોનો આંક વટાવી ચૂકયો છે. ડ્રાઈવીંગ લાયસન્સ ધારકોની સંખ્યા લાખોની સંખ્યામાં વધી રહી છે આ સાથે હજારોની સખ્યામાં લોકો નાની મોટી ઈજાઓના શિકાર બની રહ્યા છે. રાજયમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુનું પ્રમાણ વધતા ચિંતાજનક પ્રશ્ન બન્યો છે. ચિલોડા સર્કલ પાસે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના હોલમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજરોજ વાહનચાલકોના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સૌથી વધુ વાહનચાલકોની આંખની તપાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ ચિલોડા લોકેશનની એમ્બ્યુલન્સ ૧૦૮ દ્વારા ઈ.એમ.ટી. ડૉ. સંજયભાઈ દ્વારા વાહનચાલકોનું બ્લડપ્રેશર માપવામાં આવ્યું છે. આ પ્રસંગે ગાંધીનગર શહેરના અગ્રણી વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચ, આર.ટી.ઓ. ઈન્સ્પેકટર એચ.એન. શુરૂ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, બી.એ. શુકલ, સીતારામ પટેલ, હર્ષ વ્યાસ, પ્રવિણભાઈ શર્મા, ડૉ. સુનીલભાઈ જોષી તથા ચિલોડા પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.આર. પટેલ, એ.એસ.આઈ. શાંતિભાઈ નાયી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચિલોડા જંકશન મથક વિસ્તારમાંથી પ્રાંતિયા, ચિલોડા, લવારપુર, પાલજ ઈસનપુર મોટા, મહુન્દ્રા, ડભોડા, આલમપુર, લેકાવાડા, મગોડી, શિહોલી મોટી, આદરા, દશેલા વગેરે ગ્રામ્ય વિસ્તારના વાહનચાલકોએ પોતાની આંખ અને બ્લડપ્રેશરની ચકાસણી કરાવવા મોટી સંખ્યામાં વાહનચાલકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગી બન્યા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧

સૂર્યાસ્ત : ૬.૦૨

## તાપમાન

મહત્તમ : ૨૬.૨ ડિ.સે.

લઘુત્તમ : ૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૪૧ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ટેબલ નં.૨૧ : ૧૦.૦૦,૧૨.૩૦,૨.૪૫,૫.૦૦,૭.૩૦,૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાજધાની એક્ષપ્રેસ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

સીઝેડ ૧૨ (હિન્દી) : ૧૧.૩૦, ૨.૦૦

સીઝેડ ૧૨ (અંગ્રેજી) ૭.૧૫

દેહરાદૂન ડેરી : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

દબંગ-૨ : ૨.૪૫

ટેબલ નં.૨૧ :૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સીઝેડ-૧૨ (હિન્દી) :૯.૩૦, ૧૨.૦૦, ૫.૦૦, ૧૦.૦૦

દેખા જો પહેલી બાર : ૨.૩૦

લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્ક્રીન-૨ :

દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

રાજધાની એક્ષપ્રેસ : ૧૦.૩૦,૧.૦૦,૩.૩૦,૬.૦૦,૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૪ :

ટેબલ નં.૨૧ :૯,૧૧.૧૫,૧.૩૦, ૩.૪૫, ૬, ૮.૧૫, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

માયા હું છું તારા પ્રેમ દિવાનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

સીઝેડ-૧૨ (જાબાઝ ખેલાડી) : ૧૦.૩૦, ૧.૦૦, ૬.૪૫, ૯.૪૫

ટેબલ નં.૨૧ : ૪.૦૦

: સ્ક્રીન-૩ :

ટેબલ નં.૨૧ : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

રાજધાની એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦

### ચિરાગ, કલોલ

હું દિવાનો તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક-સાંસ્કૃતિ કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.

### સામાજિક

- શ્રી આંજણા ચૌધરી સમાજ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે ફનવર્લ્ડ, ધોળાકુવા પાસે યોજાશે. ન
- બાલ સાહિત્યના હિત, વિકાસ, ગૌરવ માટે સક્રિય બાલ સાહિત્ય અકાદમી અધિવેશ સવારે ૯.૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : નવા સંબંધો લાભદાયક રહેશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**મીન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. ઉર્મિલાબેન આર. કનોજીયા (ઉ.વ. ૬૫)મુ.પો. ઈન્દ્રોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લાલાજી ખોડાજી ઠાકોર (ઉ.વ. ૮૩)મુ.પો. ચાંદીસણા, તા.કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. રામસ્વરૂપ એફ. શર્મા (ઉ.વ. ૭૮) પ્લોટ નં.૬૩, સેકટર-૧૯, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. શારદાબેન બી.અટવાડ (ઉ.વ. ૬૮)સેકટર-૧૪, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જયશંકર લીલાધર પુરોહિત (ઉ.વ. ૬૮) પ્લોટ નં.૮૫૪/૧, સેકટર-૧૩, તા., જિ. ગાંધીનગર.